'ચમાર' શબ્દના સ્થાને તેનો પર્યાય શબ્દ
'રોહિત' શબ્દ પ્રયોજવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: અહલ-૧૨૨૦૧૬-૪૫૦૯૫૬-હ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૧૦/૨૦૧૬

પરિપત્ર:

સરકારી કચેરીઓ,શાળા,કોલેજો(સરકારી તેમજ બિનસરકારી),ગ્રામ પંચાયત વગેરે કચેરીઓના રેકર્ડમાં જ્યાં"ચમાર" શબ્દ પ્રયોજાયેલ/લખાયેલ હોય ત્યાં સ્થાને "રોહિત"શબ્દનો ઉલ્લેખ કરવા માટે તથા પછાત વર્ગના જે જે મહોલ્લાઓ 'ચમાર વાસ' તરીકે ઓળખાતા હોય તે મહોલ્લાઓને 'રોહિત વાસ' તરીકે ઓળખવામાં આવે/સંબોધન કરવામાં આવે તે માટે જરૂરી હુકમો અગર તો સૂચનાઓ પ્રસારિત કરવા બાબતની રજૂઆતો ગુજરાત રોહિત સમાજ સંગઠન તરફથી સરકારશ્રીને મળી હતી.

૨. આ રજૂઆતો પરત્વે સુચનાઓ બહાર પાડવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી, આ અંગે કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) સરકાર હસ્તકની તમામ વહીવટી કચેરીઓ(બોર્ડ/કોર્પોરેશન/નિગમ સહિત) તથા શાળા-કોલેજો (સરકારી તેમજ બિનસરકારી),યુનિવર્સિટીઓ વગેરેના રેકર્ડમાં જ્યાં "ચમાર" શબ્દ પ્રયોજાયેલ હોય તેના સ્થાને "રોહિત" શબ્દનો ઉલ્લેખ કરવો.

(૨) ગ્રામ પંચાયતના રેકર્ડમાં તથા અન્ય મહેસૂલી રેકર્ડમાં પણ ઉપર મુજબ સુધારો કરવો.

(3) પછાત વર્ગના જે જે મહોલ્લાઓ "ચમાર વાસ"તરીકે ઓળખાતા હોય/સંબોધન કરવામાં આવતું હોય તે મહોલ્લાઓ "રોહિત વાસ" તરીકે ઓળખવામાં આવે/સંબોધન કરવામાં આવે.

3. આ જાતિના ઇસમોના મહેસૂલી રેકર્ડ/પંચાયત રેકર્ડ અથવા અન્ય સરકારી રેકર્ડમાં "ચમાર" શબ્દનો ઉલ્લેખ હોય તો પણ જો તેઓ "રોહિત" તરીકેનુ પ્રમાણપત્ર મેળવવા માંગે તો આવા ઇસમોને સંબંધિત સક્ષમ અધિકારીઓએ "ચમાર" શબ્દના પર્યાય તરીકે "રોહિત" તરીકે તેમની માંગણી મુજબનું જાતિ પ્રમાણપત્ર આપવું તથા તે આધારે મળવાપાત્ર થતાં આનુષાંગિક લાભો પણ આપવામાં આવે.

1029 જરૂરી

૪. આ પરિપત્ર રોજબરોજના વ્યવહારમાં અને સરકારી પત્રવ્યવહારમાં "રોહિત શબ્દો પ્રયોજવા માટે છે. પરંતુ આ પરિપત્રથી અનુસૂચિત જાતિના ભાઇઓ માટે બંધારણ અને અન્ય વૈધાનિક જોગવાઇઓમાં વપરાયેલા શબ્દો,પર્યાયો અને તે અન્વયે તેમને મળવાપાત્ર થતાં લાભોને કોઇ વિપરીત અસર થશે નહિ.

૫. ઉપર્યુક્ત સુચનાઓનો અમલ ચુસ્તપણે થાય તે માટે સંબંધિત વિભાગો/ખાતાના વડા/કચેરીના વડાઓ વગેરેને આથી ભારપૂર્વક વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી.વણઝારા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

માન.સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી,ગુજરાત તકેદારી અયોગ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

* સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

* સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.

* સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.

* સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો(તેઓના ખાતાઓ/કચેરીઓના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સીટી ઓ વગેરેને આ અંગેની જાણ કરવાની વિનંતી સહ.

નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશનો.(મારફતે નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ કચેરી)

સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

વિભાગની તમામ શાખાઓ,

સર્વે નાયબ નિયામકશ્રીઓ(અ.જા.)/સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(મારફતે નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ કચેરી)

શાખા પસંદગી ફાઇલ

* પત્ર દ્વારા